# પ્રવેશ ઈચ્છુક ઉમેદવાર તથા વાલીઓને જાણવા જોગ

## ફી નિર્ધારણ સમિતિ (ટેકનીકલ), ગુજરાત રાજ્ય દ્વારા વિદ્યાર્થીઓને ખાસ સૂચનાઓ :-

(૧) ફી નિયમન સમિતિ (ટેકનીકલ) દ્વારા ગુજરાત રાજ્યમાં આવેલ અને ટેકનીકલ પ્રોફેશનલ અભ્યાસક્રમો ચલાવતી તમામ સ્વ-નિર્ભર સંસ્થાઓની ફી નું માળખું નક્કી કરાય છે. વર્ષ-૨૦૧૯-૨૦ માટે જાહેર કરાયેલ ફી નું માળખું તે જે સંસ્થા / અભ્યાસક્રમ માટે ફી નું મહત્તમ માળખું (Maximum Celling Limit of Fee Structure) છે.

(૨) સમિતિ દ્વારા જાહેર કરાયેલ ફીનાં માળખામાં ટ્યૂશન ફી, લાયબ્રેરી ફી, લેબોરેટરી ફી, કોમ્પ્યુટર ફી, કોષનમની, જીમખાના ફી, ઈન્ટરનેટ, યુનિવર્સિટી એફીલેશન ફી, સ્પોર્ટ્સ અને રીક્રિયેશન સેલ્ફ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ ફી, સ્પોર્ટ્સ અને રીક્રિયેશન સેલ્ફ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ ફી જેવી અન્ય ફી નો સમાવેશ થાય છે.

(૩) સમિતિ દ્વારા નિર્ધારીત ફીનાં માળખા ઉપરાંત વિદ્યાર્થીઓએ ફક્ત જે-તે યુનિવર્સિટીને (એફિલીયેશન ફી સિવાયની) ભરવાપાત્ર ફી સિવાય, અન્ય કોઈપણ ફી કે ડિપોઝીટ સંસ્થા ખાતે ભરવાની રહેતી નથી.

(૪) સમિતિએ સંસ્થાઓ માટે જે તે વર્ષની નિયત કરેલ ફીનું માળખું, જે તે વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને જ લાગુ પડે છે અને વિદ્યાર્થી જ્યાં સુધી તેનો અભ્યાસ પૂર્ણ ન કરે ત્યાં સુધી નિર્ધારીત રહે છે.

(૫) વિદ્યાર્થી પાસેથી સંસ્થા એક સત્ર કરતાં વધુ ફી એકસાથે લઈ શકતી નથી.

(૬) જો કોઈપણ સંસ્થા, ઉપર દર્શાવેલ સૂચનાઓનો અનાદર કરતા માલુમ પડે, તેવા કિસ્સામાં જરૂરી પુરાવા સાથે ફી નિયમન સમિતિનો સંપર્ક કરવા વિનંતી છે. ફી નિયમન સમિતિની વેબ સાઈટ www.frctech.ac.in અને ઈ-મેઈલ એડ્રેસ frctech-dte@gujarat.gov.in છે.

તા. ૧૨-૦૩-૨૦૧૯

— મેમ્બર સેક્રેટરી વતી